# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૪



વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી ક્યાં રુચે છે? અંદરથી રુચે તો વીર્ય ઉછળે; એ ક્યાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા, પણ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને! પહેલાં સ્વભાવનું માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ હે સ્વામી! મને કોઈ એવો અપૂર્વ ઉપદેશ આપો કે જેથી મિથ્યાબુદ્ધિ તડાક કરતી તૂટી જાય ને મન પણ અસ્તગત થઈ જાય. બીજા કોઈ દેવોનું મને શું કામ છે? ૧૪૦૦. *(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૩)*

✻ દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકોરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી. માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે. શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. ૧૪૦૧. *(શ્રી પ્રવચનસાર, ગાથા-૧૬ના ભાવાર્થમાંથી)*

✻ આત્મા રત્નકે સમાન હૈ, અનાદિકાલકા અજ્ઞાનરૂપી પાતાલમેં પડા હૈ, સો રાગાદિ મલકે છોડનેસે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ, હે બચ્ચે! આત્મા ઉન ભવ્ય જીવોંકા નિર્મલ હોતા હૈ, ઔર પ્રત્યક્ષ ઉનકો આત્માકા દર્શન હોતા હૈ, પરમકલા જો આત્માકી અનુભૂતિ વહી હુઈ નિશ્ચયદૃષ્ટિ ઉસસે આત્મસ્વરૂપકા અવલોકન હોતા હૈ. આત્મા સ્વસંવેદનજ્ઞાન કરકે હી ગ્રહણ કરને યોગ્ય હૈ. જિસકા મન વિષયસે ચંચલ ન હો, ઉસીકો આત્માકા દર્શન હોતા હૈ. ૧૪૦૨.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૧૫૬)*

✻ જિસ પ્રકાર કછુઆ અપને અંગોકો સંકોચતા હૈ, ઉસી પ્રકાર જો સંયમી મુનિ ઈન્દ્રિયોંકે સેનાસમૂહકો સંવરરૂપ કરતા હૈ અર્થાત્ સંકોચતા ઔર વશીભૂત કરતા હૈ વહી મુનિ દોષરૂપી કર્દમસે ભરે ઈસ લોકમેં વિચરતા હુઆ ભી દોષોંસે લિપ્ત નહીં હોતા. ભાવાર્થ—જલમેં કમલકી તરહ અલિપ્ત રહતા હૈ. ૧૪૦૩.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૩૭)*

✻ જે સમ્યગ્દૃષ્ટિ છે તે પુત્ર-કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવોમાં ગર્વ કરતો નથી. જો પરદ્રવ્યથી પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું? ઉપશમભાવોને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે તથા પોતાના આત્માને તૃણ સમાન હલકો માને છે, કારણ કે પોતાનું સ્વરૂપ તો અનંત જ્ઞાનાદિરૂપ છે એટલે જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે, કોઈ પદાર્થોમાં ગર્વ કરતો નથી. ૧૪૦૪. *(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૧૩)*

વર્ષ–૮
અંક–૬




સંવત
૨૦૭૦
February
A.D. 2014




# વીતરાગ ધર્મની ઓળખાણ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પ્રવચન નં. ૨)(તા. ૨૮-૪-૪૪, શુક્રવાર)

કેવો છે મોક્ષમાર્ગ?

જેમાં મોક્ષ કે મોક્ષમાર્ગની કોઈ પણ અપેક્ષા નથી એવા પરમ શુદ્ધ પરમાત્મસ્વરૂપની પરમનિરપેક્ષનિશ્ચયનય દ્વારા યથાર્થ શ્રદ્ધા, પરિજ્ઞાન અને અનુભવ તે સ્વરૂપ શુદ્ધ રત્નત્રય, તે મોક્ષમાર્ગ છે, આત્મા કાયમી વસ્તુ છે, તેમાં ગુણના ભેદ પરમાર્થે નથી, એકરૂપ જ સ્વભાવ છે.

બંધ-મોક્ષની અપેક્ષા ક્ષણિકરૂપ છે ખરી, કેમ કે વસ્તુ તદ્દન (એકાંત) સામાન્ય નથી, વિશેષ પણ છે ખરૂં. એકલું નિરપેક્ષ જ કહે તો નય જ ન રહે. જ્ઞાનમાં ગૌણ પણ વિશેષની અપેક્ષા છે, દૃષ્ટિમાં વિશેષનું લક્ષ જ નથી. દૃષ્ટિ નિરપેક્ષ થઈ ક્યારે? કે જ્યારે પર્યાય-ભેદનું લક્ષ છોડીને એકરૂપ અભેદ સામાન્યનું લક્ષ કર્યું ત્યારે દૃષ્ટિ નિરપેક્ષ થઈ છે. વર્તમાન દૃષ્ટિના લક્ષમાં પર્યાયનું લક્ષ જ નથી. બંધ-મોક્ષના ભેદ છે ખરા પણ દૃષ્ટિના અભેદ વિષયમાં ભેદ ગૌણ છે.

આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ એકરૂપ અપેક્ષા વિનાનો છે, તેમાં “હું આવો છું કે આવો છું” એવા ભેદનો આશ્રય નથી. સમ્યગ્દર્શનનો આશ્રય મોક્ષમાર્ગ નથી પણ

> **તો દેવ-નરનાં તુચ્છ સુખ પ્રત્યે લહે શું મોહને**
> **મુનિપ્રવર જે જાણે, જુએ ને ચિંતવે છે મોક્ષને? ૧૩૧. —શ્રી ભાવપ્રાભૃત**

સામાન્ય એકરૂપ નિરપેક્ષ દ્રવ્ય તે સમ્યગ્દર્શનનો આશ્રય છે. મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય ઊઘડી છે તે તો સદ્ભૂત વ્યવહાર છે, તે સમ્યગ્દર્શનનો આશ્રય નથી, પુણ્ય-પાપ પણ સમ્યગ્દર્શનનો આશ્રય નથી તથા સમ્યગ્દર્શન પોતે પણ સમ્યગ્દર્શનનો આશ્રય નથી; પરમ શુદ્ધ અખંડ તત્ત્વ એ જ સમ્યગ્દર્શનનો આશ્રય છે. શ્રદ્ધા કોની? અર્થાત્ શ્રદ્ધાનો વિષય (ધ્યેય) શું? એકરૂપ પરમાર્થ તત્ત્વ એ શ્રદ્ધાનો વિષય છે. સમયસારની અગિયારમી ગાથામાં પણ આ શુદ્ધનયની વાત છે.

પરમાર્થ તત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન (સ્થિરતા, ચારિત્ર) તે રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ સદ્ભૂત વ્યવહાર છે અને વચ્ચે શુભ વિકલ્પ આવે તે અસદ્ભૂત વ્યવહાર છે. તે વચ્ચે આવે છે ખરો પણ તેનો આશ્રય નથી.

એ માર્ગના મનન અને સેવનથી (તેની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં સ્થિરતાથી) મોક્ષફળની પ્રાપ્તિ થાય છે તે પોતાના આત્મસ્વરૂપની સંપૂર્ણ પ્રાપ્તિ છે. અહીં શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ થઈ તેને આત્માની ઉપલબ્ધિ કહી. નવી પર્યાય પ્રગટી એ અપેક્ષાએ દ્રવ્ય પ્રાપ્ત થયું એમ કહી દીધું છે. ત્યાં ખરેખર આત્માની પ્રાપ્તિ નથી, આત્મા તો નિત્ય છે જ; પણ પર્યાયમાં દ્રવ્યનો આરોપ કરીને શુદ્ધ પર્યાય પ્રાપ્ત થતાં દ્રવ્ય પ્રાપ્ત થયું એમ કહ્યું છે. જેવો શુદ્ધ સ્વભાવ હતો તેવો જ પર્યાયમાં પ્રગટ થયો તેથી કહ્યું કે ‘‘મોક્ષમાર્ગના સેવનથી આત્માના પૂર્ણ સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થાય છે.’’ મોક્ષ થતાં પૂર્ણ નિર્મળ અવસ્થા અને વસ્તુમાં ભેદ રહેતો નથી, જેવી વસ્તુ છે એવી જ તેની પ્રગટરૂપ પર્યાય થઈ જાય છે તેથી ‘‘આત્મા જ પ્રાપ્ત થયો’’ એમ કહેવાય છે.

ભાવાર્થ :—નિર્વાણમાં કેટલાક આત્માની નાસ્તિ અથવા શૂન્યરૂપ અવસ્થા માને છે અને દલીલ આપે છે કે—‘‘જેમ દીવામાંથી ધૂમાડાનો નાશ કરવા માટે દીવાનો પણ નાશ કરવો પડે તેમ આત્મામાંથી અશુદ્ધતાનો નાશ કરતાં આત્માનો પણ નાશ થાય છે’’ તો એ દલીલ ખોટી છે. નિર્વાણથી આત્માનો નાશ નથી પણ પૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ છે. અવસ્થામાં વિકારનો નાશ થતાં આત્મા પોતે જ પરમાત્મા થાય છે. પરમાત્મદશામાં એક આત્મા બીજા આત્મામાં (જેમ જ્યોતમાં જ્યોત મળે તેમ) ભળી જતો નથી પણ પોતાની સત્તામાં કાયમ જુદો રહે છે. મોક્ષદશામાં આત્મા શૂન્ય થઈ જતો નથી પણ સત્ જ રહે છે અને પોતાના ધ્યેય સ્વરૂપના અતીન્દ્રિય પરમ સ્વાદનો અનંતકાળ ભોક્તા રહે છે.

**છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે,**
**—એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને. ૮૧.. —શ્રી મોક્ષપ્રાભૃત**

પ્રશ્ન :—આત્મામાં કઈ જાતનો સ્વાદ હશે? સ્વાદ તો દૂધપાક વગેરેમાં હોય, પણ આત્મામાં કોનો સ્વાદ આવે?

ઉત્તર :—દૂધપાક વગેરે પરવસ્તુ છે, પરનો સ્વાદ આત્મામાં નથી, પણ આત્મા તો તેનો જાણનાર જ છે. રસને જાણનારો પોતે જ અરૂપી રસસ્વરૂપ છે. આત્માનો રસ અરૂપી—અતીન્દ્રિય છે, મોક્ષદશામાં આત્મા પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનો અનુભવ કરે છે.

ટીકાકાર આચાર્ય કહે છે કે :—

कचिद्व्रजति कामिनीरतिसमुत्पन्नसौख्यं जनः
कचित्द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः।
क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो
निजात्मनि रतो भवेद्व्रजति मुक्तिमेतां हि सः॥

અજ્ઞાની પ્રાણી આ દુર્લભ મનુષ્યપણું લક્ષ્મીની પ્રાપ્તિ, સ્ત્રીની પ્રાપ્તિ, કુટુંબ, આબરૂ વિગેરેમાં ગૂમાવી ફરી ક્યાંય (ચાર ગતિના ભ્રમણમાં) ચાલ્યા જાય છે અને જે ડાહ્યા પુરુષો છે તેઓ વીતરાગધર્મની ઓળખાણ કરી, આત્મ સ્વરૂપની શ્રદ્ધા કરી તેમાં લીન થાય છે અને એવા ધર્માત્મા જ આત્માની સંપૂર્ણ નિર્મળ મોક્ષદશાની પ્રાપ્તિ કરે છે.

વસ્તુ આશ્રય કરવાયોગ્ય છે અને પર્યાય આશ્રય કરનાર છે. આશ્રય કરનાર પર્યાય ભેદવાળી છે પણ જેનો આશ્રય કરે છે તે (દ્રવ્ય) અભેદ છે. પર્યાય પોતે દ્રવ્યના આશ્રયે છે; દ્રવ્યમાં ભેદ નથી; તેથી દ્રવ્યના લક્ષે નિર્મળ પર્યાય પ્રગટી જાય છે.

શ્રોતા :—આત્માનું સ્વરૂપ જાણ્યા પછી તેમાં સ્થિરતા કેવી રીતે થાય? સ્થિરતાનું કારણ શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિઃશંક સ્વભાવને લક્ષમાં લીધો તે દૃષ્ટિનો વિષય (વસ્તુ) પોતે જ સ્થિરતાનું કારણ છે. સ્વરૂપમાં નિશંકતા એ જ બધાનું (દર્શન, જ્ઞાન, ચારિત્રનું) મૂળિયું છે. દૃષ્ટિથી જે દ્રવ્ય સ્વભાવ લક્ષમાં લીધો તે દ્રવ્ય જ સ્થિરતાનું કારણ છે અને ચારિત્ર તે કાર્ય છે. દૃષ્ટિ ચારિત્રનું કારણ છે, તો જેને કારણ પ્રગટ્યું છે તેને કાર્ય કેમ આવશે એવી શંકા જ નહિ રહે. જેને સ્થિર સ્વભાવની નિઃશંકતા થઈ તેને સ્થિરતા કેમ થશે એવો પ્રશ્ન જ નહીં રહે! જ્યાં સ્થિરતાનો પ્રશ્ન છે ત્યાં નિઃશંકતાની ખામી છે.

**જ્યમ ચંદ્ર તારાગણ વિષે, મૃગરાજ સૌ મૃગકુલ વિષે,**
**ત્યમ અધિક છે સમ્યક્ત્વ ઋષિશ્રાવક–દ્વિવિધ ધર્મો વિષે. ૧૪૪. —શ્રી ભાવપ્રાભૃત**

સ્થિર થવાનો તો આત્માનો સ્વભાવ જ છે, તેથી જેને સ્વભાવ સમજાય તેને સ્થિર થવાનો પ્રશ્ન જ રહે નહીં. લોકો ઝટ ધ્યાન અને સ્થિરતા કરવા માગે છે. પણ ધ્યાન અને સ્થિરતાનું કારણ જે દ્રવ્ય તેનું સ્વરૂપ જાણતા નથી, તો વસ્તુનું સ્વરૂપ જાણ્યા વિના ધ્યાન કોનું અને સ્થિરતા શેમાં? માટે પહેલાં વસ્તુનું સ્વરૂપ જાણવું. વસ્તુનું સ્વરૂપ જાણ્યા પછી સ્થિરતા કેમ થાય એવો પ્રશ્ન જ નહીં રહે કેમ કે સ્થિરતા તો વસ્તુનો સ્વભાવ છે.

(પારિણામિક ભાવ કહો કે દ્રવ્યત્વગુણ કહો—બંને એક જ છે) જે જે સાધક છે તે જ બાધક છે. (સમયસાર નાટક) નય, પ્રમાણ અને નિક્ષેપથી સમજવું તે પણ બાધક છે, કેમકે તેમાં ભેદ આવે છે અને ભેદ તે અભેદમાં બાધક છે.

શ્રી જયધવલા પાનુ—૨૫ :—પાંચ પ્રકારના જ્ઞાનાવરણનો નાશ થતાં કેવળજ્ઞાન પ્રગટે છે તેથી સિદ્ધ થાય છે કે આત્મા કેવળજ્ઞાન સ્વરૂપ છે. છતાં તેમાં (જ્ઞાનમાં) જે મતિ-શ્રુત વગેરે પાંચ પ્રકારના ભેદ બતાવવામાં આવે છે તેનું કારણ એ છે કે કેવળજ્ઞાનાવરણકર્મ કેવળજ્ઞાન સ્વરૂપને સંપૂર્ણપણે ઢાંકી શકતું નથી; કેમ કે જો જ્ઞાનમાં સંપૂર્ણ આવરણ માનવામાં આવે તો જ્ઞાનરહિત આત્માને જડત્વ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવી જાય છે, તેથી જ્ઞાનનો જેટલો અંશ ઉઘાડો છે તે ઉઘાડની અપેક્ષાએ જ્ઞાનના મતિ વગેરે ભેદ છે અને પૂર્ણ ઉઘાડ તે કેવળજ્ઞાન છે. ૨. *(ક્રમશઃ)*

---

આત્મા કર્તા અને જડ કર્મની અવસ્થા એનું કાર્ય–એમ કેમ હોઈ શકે? વળી જડ કર્મ કર્તા અને જીવના વિકારી પરિણામ એનું કાર્ય–એમ પણ કેમ હોઈ શકે? ન હોઈ શકે. ઘણાને મોટો ભ્રમ છે કે કર્મને લઈને વિકાર થાય, પણ એમ છે જ નહિ. નિમિત્તથી વિકાર થાય એમ શાસ્ત્રમાં જે કથન આવે છે તેનો અર્થ 'નિમિત્તથી વિકાર થાય' એમ નહિ પણ 'નિમિત્તનો આશ્રય કરવાથી વિકાર થાય' એમ છે. જો જીવ પુદ્ગલમાં નથી અને પુદ્ગલ જીવમાં નથી, તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે, પુદ્ગલકર્મનો કર્તા નથી; અને પુદ્ગલકર્મ છે તે પુદ્ગલ જ છે, જ્ઞાતાનું કર્મ નથી. આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે તોપણ 'હું કર્તા છું અને આ પુદ્ગલ મારું કર્મ છે' એવો અજ્ઞાનીઓનો આ મોહ (–અજ્ઞાન) કેમ નાચે છે? *ગુરુદેવશ્રીના વચનામૃત, બોલ નં. ૪૨.*

**નાગેંદ્ર શોભે ફેણમણિમાણિક્યકિરણે ચમકતો,**
**તે રીત શોભે શાસને જિનભક્ત દર્શનનિર્મળો. ૧૪૫. —શ્રી ભાવપ્રાભૃત**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે ઈન્દ્રિય વિષયોની ક્ષણિકતા બતાવે છે :—

सुरधनुस्तडिद्वच्चपला इन्द्रियविषयाः सुभृत्यवर्गाः च ।
दृष्टप्रणष्टाः सर्वे तुरंगगजवरादयः ।।७।।

**અર્થ** :—આ જગતમાં ઈન્દ્રિયોના વિષયો છે તે ઈન્દ્રધનુષ અને વિજળીના ચમકાર જેવા ચંચળ છે; પ્રથમ દેખાય પછી તુરત જ વિલય પામી જાય છે. વળી તેવી જ રીતે ભલા ચાકરોનો સમૂહ અને સારા ઘોડા-હાથી-રથ છે, તે સર્વ વસ્તુ પણ એ જ પ્રમાણે છે. ૭.

ઈન્દ્રિય વિષયોના ગ્રહણ કાળે અજ્ઞાનીને તેની મુખ્યતા ભાસે છે, પણ તેની ક્ષણિકતાને તે દેખતો નથી, એટલે તેને ત્યાં જ એકાકાર બુદ્ધિથી રાગ-દ્વેષ થાય છે. ધર્મીને બહારથી ઈન્દ્રિય વિષયોના ગ્રહણના કાળે પણ અંદરમાં ધ્રુવ ચિદાનંદસ્વભાવની રુચિ પડી છે, એટલે તેને સંયોગની એકતાબુદ્ધિથી રાગ-દ્વેષ થતાં નથી પણ ધ્રુવ સ્વભાવની ભાવનાથી ક્ષણે–ક્ષણે વીતરાગતા અને શુદ્ધતા વધતી જાય છે. આવું આ ભાવનાનું ફળ છે.

હાથી-ઘોડા-રથ વિગેરે બધા પદાર્થો વિજળીના ઝબકારા જેવા ક્ષણ-ભંગુર છે. એકવાર બે ઊંચા ઘોડા દીક્ષાના વરઘોડા માટે આવેલા, પણ ક્ષણમાં આગ લાગતાં તે બંને ઘોડા ઊભા–ઊભા સળગી ગયા! જુઓ આ ક્ષણભંગુરતા! ધર્મી જીવ આવી ક્ષણભંગુરતા દેખીને અનિત્ય સંયોગની ભાવના છોડતો ને ધ્રુવ ચિદાનંદસ્વભાવની ભાવના કરતો, અનિત્ય ભાવના ભાવે છે.

મોટા બંગલા દેખાતા હોય ને ક્ષણમાં ફૂ થઈ જાય. લીલુંછમ ઝાડ હોય ને ક્ષણમાં ઠૂંઠું થઈ જાય, પણ અજ્ઞાનીને સંયોગની ક્ષણિકતા ભાસતી નથી તેથી તે સંયોગની ભાવના છોડીને સ્વભાવની ભાવના ભાવતો નથી, અહો! જે ક્ષણે જે સંયોગ કે જે વિયોગ થવાનો તેને કોણ ફેરવે? આગળ ૩૨૧-૩૨૨મી ગાથામાં કહ્યું છે કે :—

**શશિબિંબ તારકવૃંદ સહ નિર્મળ નભે શોભે ઘણું,**
**ત્યમ શોભતું તપવ્રતવિમળ જિનલિંગ દર્શનનિર્મળું. ૧૪૬. —શ્રી ભાવપ્રાભૃત**

જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞ દેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને જે પ્રમાણે થવાયોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી—નિયમથી થાય છે, તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર—તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી, એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે.

સર્વજ્ઞના જ્ઞાનનો નિર્ણય કરતાં આત્માના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય થાય છે. જે જીવ આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરે છે તે સમ્યગ્દષ્ટિ છે. તેથી ૩૨૩મી ગાથામાં કહ્યું છે :—

એ પ્રમાણે નિશ્ચયથી સર્વ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ છ દ્રવ્યોને તથા તે દ્રવ્યોની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે—શ્રદ્ધાન કરે છે, તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ થાય છે. તથા જે એ પ્રમાણે શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા-સંદેહ કરે છે, તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે—પ્રગટપણે મિથ્યાદષ્ટિ છે.

અનિત્ય ભાવનામાં પણ આ બધી વાત ભેગી રાખીને વાત છે. જુઓને, ક્ષણમાં જુવાન માણસો ચાલ્યા જાય છે. બોટાદમાં આગ લાગી, તે જોવા જતાં એક માણસ મરી ગયો. આગમાં મોટા સર્પો અને ચકલાં બળી ગયાં. જે ક્ષણે જે થવાનું તેને કોણ ફેરવે? એનો અર્થ એમ છે કે હે જીવ! તું નિર્ણય કર કે હું તો જ્ઞાન છું, જાણનાર છું, જાણનાર શું કરે? જેમ હોય તેમ જાણે, પણ કાંઈ ફેરફાર કરે નહિ. આવા જ્ઞાન સ્વભાવમાં શંકા કરે તે મિથ્યાદષ્ટિ છે. પરમાં ફેરફાર કરવાનું માને તે પણ મિથ્યાદષ્ટિ છે. બહારમાં ફેરફાર કરવામાં કાંઈ પુરુષાર્થ કામ આવતો નથી, પોતે જ્ઞાનમાં સમાધાન રાખીને જાણનાર રહે ને રાગ-દ્વેષ ન થાય એ જ પુરુષાર્થ છે. જ્ઞાનમાં નિઃશંક થઈને જ્ઞાનપણે રહ્યો ને વિકારપણે ન થયો તેનું નામ પુરુષાર્થ છે. જ્ઞાનસ્વભાવ નિત્ય છે. તેને ઓળખીને તેની ભાવના કરવી અને ક્ષણિક સંયોગની ભાવના છોડવી—એનું નામ અનિત્ય ભાવના છે.

આ જીવ સારા—સારા ઈન્દ્રિય-વિષયો અને ઉત્તમ નોકર, ઘોડા, હાથી અને રથાદિકની પ્રાપ્તિથી સુખ માને છે, પરંતુ એ સર્વ ક્ષણભંગુર છે. માટે અવિનાશી સુખનો ઉપાય કરવો જ યોગ્ય છે.

**ઈમ જાણીને ગુણદોષ ધારો ભાવથી દગરત્નને,**
**જે સાર ગુણરત્નો વિષે ને પ્રથમ શિવસોપાન છે. ૧૪૭. —શ્રી ભાવપ્રાભૃત**

અંતરંગ ચિદાનંદતત્ત્વમાં જ મારી શાંતિ છે. એ સિવાય સંકલ્પ-વિકલ્પમાં શાંતિ નથી ને બહારના સંયોગમાં પણ શાંતિ નથી. પોતાના ક્ષણિક શુભાશુભ પરિણામમાં પણ પોતાની શાંતિ નથી. તો તે શુભાશુભ પરિણામના બાહ્ય વિષયમાં તો સુખ કેમ હોય? બહારના પદાર્થનો વિષય કરનારા તો પોતાના શુભાશુભ પરિણામ છે. તે પરિણામમાં પણ સુખ નથી, ને બહારના વિષયમાં પણ સુખ નથી. સુખ તો અવિનાશી જ્ઞાનસ્વભાવની ભાવનામાં જ છે, માટે ક્ષણભંગુર સંયોગો અને તેના લક્ષે થતા શુભાશુભ પરિણામની ભાવના છોડીને ધ્રુવ ચિદાનંદની જ ભાવના કરવી તે અવિનાશી સુખનો ઉપાય છે.

પોતામાં જે ક્ષણિક સંકલ્પ-વિકલ્પ થાય છે તે પણ વિભાવ છે અને તેના બાહ્ય વિષયરૂપ જે પદાર્થો દેખાય છે તે પણ વિભાવ પર્યાય છે. કેરીનો રસ ખાવાના પરિણામ થાય ત્યાં તે રસમાં તો સુખ નથી ને રસ ખાવાના જે અશુભ પરિણામ છે તેમાં પણ સુખ નથી. પર્યાયબુદ્ધિવાળો જીવ સ્વભાવ તરફ વળતો નથી એટલે તેને બાહ્ય વિષયોમાં સુખ ભાસે છે, તેથી તેને સંયોગની ભાવના છે. ધર્મી તો જાણે છે કે મારું સુખ બહારના વિષયોમાં નથી ને પર્યાયના શુભાશુભભાવમાં પણ મારું સુખ નથી. મારું સુખ તો ધ્રુવ આત્મામાં છે, તેથી તે જીવને અવિનાશી સ્વભાવની ભાવના છૂટતી નથી. દ્રવ્ય તરફ વળવું તે જ મોક્ષમાર્ગ છે. તે જ અવિનાશી સુખનો ઉપાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે સ્વદ્રવ્ય તરફના વલણથી થાય છે ને તે જ અવિનાશી સુખનો માર્ગ છે, માટે ધ્રુવ સ્વભાવને જાણીને તેની ભાવના કરવી ને સંયોગને અધ્રુવ જાણીને તેની ભાવના છોડવી.

✶

ધર્મ પણ જ્ઞાનીને થાય છે અને ઊંચાં પુણ્ય પણ જ્ઞાનીને જ બંધાય છે. અજ્ઞાનીને આત્માના સ્વભાવની ખબર નથી, તેથી તેને ધર્મ પણ નથી ને ઊંચાં પુણ્ય પણ નથી. તીર્થંકરપદ, ચક્રવર્તીપદ, બળદેવપદ તે બધાં પદ સમ્યગ્દૃષ્ટિ જીવોને જ બંધાય છે; કારણ કે જ્ઞાનીને એમ ભાન છે કે–એક મારો નિર્મળ આત્મસ્વભાવ જ આદરણીય છે, તે સિવાય રાગનો એક અંશ કે પુદ્ગલનો એક રજકણ પણ આદરણીય નથી.–આવી પ્રતીતિ થતાં હજુ સંપૂર્ણ વીતરાગ થયો નથી તેથી રાગનો ભાગ આવે છે. તેમાં ઊંચી જાતનો પ્રશસ્ત રાગ આવતાં તીર્થંકર, ચક્રવર્તી વગેરે ઊંચી પદવીઓ બંધાય છે. *ગુરુદેવશ્રીના વચનામૃત, બોલ નં. ૮૨.*

**ચઉઘાતિકર્મવિમુક્ત, દોષ અઢાર રહિત, સદેહ એ**
**ત્રિભુવનભવનના દીપ જિનવર બોધિ દો ઉત્તમ મને. ૧૫૨. —શ્રી ભાવપ્રાભૃત**

# ધર્મના આરાધક સમ્યગ્દષ્ટિની પ્રશંસા

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જગતમાં સર્વજ્ઞને અનુસરનારા સમ્યગ્દષ્ટિ જીવો તો બહુ થોડા છે, ને તેનાથી વિરુદ્ધ મિથ્યાદષ્ટિ જીવો ઘણા છે—એમ કોઈને થાય તો કહે કે હે ભાઈ! આનંદદાયક એવા અમૃતપથરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત સમ્યગ્દષ્ટિ કદાચ એક જ હોય તો તે એકલો પણ શોભનીક અને પ્રશંસનીક છે, ને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ એવા મિથ્યાદષ્ટિ જીવો ઘણાય હોય તોપણ તે શોભનીક નથી. આમ કહીને સમ્યક્ત્વની આરાધનામાં ઉત્સાહ જગાડે છે.

(शार्दूलविक्रीडित)

एकोऽप्यत्र करोति यः स्थितिमतिप्रीतः शुचौ दर्शने
सः श्लाघ्यः खलु दुःखितोऽप्युदयतो दुष्कर्मणः प्राणभृत्।
अन्यैः किं प्रचुरैरपि प्रमुदितैः अत्यन्तदूरीकृत,
स्फीतानन्दभरप्रदामृतपथैर्मिथ्यापथै प्रस्थितैः।।२।।

અર્થ :—જે એક પણ ભવ્ય પ્રાણી અત્યંત પ્રસન્નતાથી અહીં નિર્મળ સમ્યગ્દર્શનના વિષયમાં સ્થિતિ કરે છે તે પાપકર્મના ઉદયથી દુઃખી હોવા છતાં પણ નિશ્ચયથી પ્રશંસનીય છે. એનાથી ઉલ્ટું જે મિથ્યામાર્ગમાં પ્રવૃત્ત થઈને મહાન સુખનું પ્રદાન કરનાર મોક્ષના માર્ગથી બહુ દૂર છે તે જો સંખ્યામાં અધિક અને સુખી પણ હોય તો પણ તેમનાથી કાંઈ પ્રયોજન નથી. ૨.

જુઓ, આ સમ્યગ્દર્શનની વિરલતા બતાવીને કહે છે કે, આ જગતમાં અત્યંત પ્રીતિપૂર્વક જે જીવ પવિત્ર જૈનદર્શનમાં સ્થિતિ કરે છે અર્થાત્ શુદ્ધ સમ્યગ્દર્શનને નિશ્ચલપણે આરાધે છે તે જીવ ભલે એક જ હોય ને કદાચ પૂર્વકર્મોદયથી દુઃખિત હોય તોપણ તે પ્રશંસનીય છે, કેમકે સમ્યગ્દર્શન વડે પરમ આનંદદાયક એવા અમૃતમાર્ગમાં તે સ્થિત છે. અને અમૃતમય મોક્ષમાર્ગથી જે ભ્રષ્ટ છે ને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવા મિથ્યાદષ્ટિ જીવો ઘણા હોય ને શુભકર્મથી પ્રમુદિત હોય તોપણ તેથી શું પ્રયોજન છે? —એ કાંઈ પ્રશંસનીય નથી.

**જ્યમ કમલિનીના પત્રને નહિ સલિલલેપ સ્વભાવથી,**
**ત્યમ સત્પુરુષને લેપ વિષયકષાયનો નહિ ભાવથી. ૧૫૪. —શ્રી ભાવપ્રાભૃત**

ભાઈ, જગતમાં તો કાગડા–કૂતરા–કીડી–મકોડા વગેરે અનંતા જીવો છે, પણ જૈનદર્શન પામીને જે જીવ પવિત્ર સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની આરાધના કરે છે તે જ જીવ શોભનીક છે. સમ્યગ્દર્શન વગરના પુણ્ય પણ પ્રશંસનીય કે ઈચ્છનીક નથી. જગતમાં મિથ્યાદ્રષ્ટિ ઘણા હોય ને સમ્યગ્દ્રષ્ટિ ભલે થોડા હોય—તેથી શું? જેમ જગતમાં કોલસા ઘણા હોય ને હીરા કોઈક જ હોય, તેથી શું કોલસાની કિંમત વધી ગઈ? ના, થોડા હોય તોપણ ઝગમગતા હીરા શોભે છે, તેમ થોડા હોય તોપણ સમ્યગ્દ્રષ્ટિ જીવો જગતમાં શોભે છે. હીરા હંમેશા થોડા જ હોય. જૈનધર્મ કરતાં અન્ય કુમતને માનનારા જીવો અહીં ઘણા દેખાય છે તેથી ધર્મીને કદી એમ સંદેહ ન થાય કે તે કુમત સાચા હશે! તે તો નિઃશંકપણે પરમ પ્રીતિથી જૈનધર્મને એટલે કે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયને આરાધે છે. ને એવા ધર્મી જીવોથી જ આ જગત શોભી રહ્યું છે.

સર્વજ્ઞદેવના કહેલા પવિત્ર દર્શનમાં જે પ્રીતિપૂર્વક સ્થિતિ કરે છે એટલે કે નિશ્ચલપણે શુદ્ધ સમ્યગ્દર્શનને આરાધે છે તે સમ્યગ્દ્રષ્ટિ જીવ એકલો હોય તોપણ જગતમાં પ્રશંસનીય છે. ભલે કદાચ પૂર્વના કોઈ દુષ્કર્મના ઉદયથી તે દુઃખિત હોય–બહારની પ્રતિકૂળતાથી ઘેરાયેલો હોય, નિર્ધન હોય, કાળો–કૂબડો હોય, તોપણ અંદરની અનંત ચૈતન્યઋદ્ધિનો સ્વામી તે ધર્માત્મા પરમ આનંદરૂપ અમૃતમાર્ગમાં રહેલો છે. કરોડો–અબજોમાં તે એકલો હોય તોપણ શોભે છે, પ્રશંસા પામે છે. રત્નકરંડશ્રાવકાચારમાં સમન્તભદ્રસ્વામી કહે છે કે—જે જીવ સમ્યગ્દર્શન-સંપન્ન છે, તે ચંડાળના દેહમાં ઊપજ્યો હોય તોપણ, ગણધરદેવ તેને 'દેવ' કહે છે; જેમ ભસ્મથી ઢંકાયેલા અંગારામાં અંદર ઔજસ–તેજ છે તેમ ચંડાળદેહથી ઢંકાયેલો તે આત્મા અંદર સમ્યગ્દર્શનના દિવ્યગુણથી ઝળહળી રહ્યો છે.—

सम्यग्दर्शनसम्पन्नमपि मातङ्गदेहजम् ।
देवादेवं विदुर्भस्मगूढाङ्गारान्तरौजसं ॥२८॥

સમ્યગ્દ્રષ્ટિ જીવ ગૃહસ્થ હોય તોપણ મોક્ષમાર્ગમાં સ્થિત છે. તેને ભલે બહારની પ્રતિકૂળતા કદાચ હો પણ અંદરમાં તો એને ચૈતન્યના આનંદની લહેર છે; ઈન્દ્રના વૈભવમાંય જે આનંદ નથી તે આનંદને તે અનુભવે છે. પૂર્વકર્મનો ઉદય તેને હલાવી શકતો નથી. તે સમ્યક્ત્વમાં નિશ્ચલ છે. કોઈ જીવ તિર્યંચ હોય ને સમ્યગ્દર્શન પામ્યો હોય, રહેવાનું મકાન ન હોય તોપણ તે આત્મગુણોથી શોભે છે, ને મિથ્યાદ્રષ્ટિ જીવ

છે ધન્ય તે ભગવંત, દર્શનજ્ઞાન-ઉત્તમકર વડે
જે પાર કરતા વિષયમકરાકરપતિત ભવિ જીવને. ૧૫૭. —શ્રી ભાવપ્રાભૃત

દેવના સિંહાસને બેઠો હોય તોપણ તે શોભતો નથી, પ્રશંસા પામતો નથી. બહારના સંયોગથી કાંઈ આત્માની શોભા નથી, આત્માની શોભા તો અંદરના સમ્યગ્દર્શનાદિ ગુણોથી છે. અરે, નાનકડું દેડકું હોય, સમવસરણમાં બેઠું હોય, તે ભગવાનની વાણી સાંભળી અંદરમાં ઉતરી સમ્યગ્દર્શન વડે ચૈતન્યના અપૂર્વ આનંદને અનુભવે, ત્યાં બીજા ક્યા સાધનની જરૂર છે? ને બહારની પ્રતિકૂળતાં ક્યાં નડે છે? આથી કહે છે કે ભલે પાપકર્મનો ઉદય હોય પણ હે જીવ! તું સમ્યક્ત્વની આરાધનામાં નિશ્ચલ રહે. પાપકર્મનો ઉદય હોય તેથી કાંઈ સમ્યક્ત્વની કિંમત ચાલી જતી નથી, એને તો પાપકર્મ નિર્જરતું જાય છે. ચારેકોર પાપકર્મના ઉદયથી ઘેરાયેલો હોય, એકલો હોય છતાં જે જીવ પ્રીતિપૂર્વક સમ્યક્ત્વને ધારણ કરે છે તે અત્યંત આદરણીય છે; ભલે જગતમાં બીજા તેને ન માને, ભલે ઊંધી દૃષ્ટિવાળા તેને સાથ ન આપે, તોપણ એકલો એકલો તે મોક્ષના માર્ગમાં આનંદપૂર્વક ચાલ્યો જાય છે. શુદ્ધ આત્મામાં મોક્ષનો અમૃતમાર્ગ તેણે જોયો છે, તે માર્ગે નિઃશંક ચાલ્યો જાય છે. પૂર્વકર્મનો ઉદય ક્યાં એનો છે? એની વર્તમાન પરિણતિ કાંઈ ઉદય તરફ નથી ઝૂકતી, એની પરિણતિ તો ચૈતન્યસ્વભાવ તરફ ઝૂકીને આનંદમય બની ગઈ છે. તે પરિણતિથી તે એકલો શોભે છે. જેમ જંગલમાં વનનો રાજા સિંહ એકલો પણ શોભે છે તેમ સંસારમાં ચૈતન્યનો રાજા સમ્યગ્દૃષ્ટિ એકલો પણ શોભે છે. સમ્યક્ત્વ ભેગા પુણ્ય હોય તો જ તે જીવ શોભે—એવી પુણ્યની અપેક્ષા કાંઈ સમ્યગ્દર્શનમાં નથી. સમ્યગ્દૃષ્ટિ પાપના ઉદયથી પણ જુદો છે ને પુણ્યના ઉદયથી પણ જુદો છે; બંનેથી જુદો પોતાના જ્ઞાનભાવમાં સમ્યક્ત્વથી જ તે શોભે છે. આનંદમય અમૃતમાર્ગમાં આગળ વધતો તે એકલો મોક્ષમાં ચાલ્યો જાય છે. શ્રેણીકરાજા અત્યારે નરકમાં છે પણ તેનો આત્મા સમ્યક્ત્વને લીધે અત્યારે પણ મોક્ષમાર્ગમાં ગમન કરી રહ્યો છે, સમ્યક્ત્વના પ્રતાપે થોડા વખતમાં તે ત્રણલોકના નાથ થશે.

અને જેને સમ્યગ્દર્શન નથી, ધર્મની જેને ખબર નથી, અમૃતમાર્ગથી જે ભ્રષ્ટ છે ને મિથ્યામાર્ગમાં ગમન કરે છે, તે જીવ ભલે કદાચ પુણ્યોદયના ઠાઠથી ઘેરાયેલો (છૂટો નહિ પણ ઘેરાયેલો) હોય ને લાખો-કરોડો જીવો તેને માનનારા હોય, તોપણ તે શોભતો નથી, પ્રશંસા પામતો નથી; અરે, ધર્મમાં એની શી કિંમત! 'પવિત્ર જૈનદર્શન સિવાય બીજા કોઈ વિપરીત માર્ગને આટલા બધા જીવો માને છે માટે તેમાં કાંઈક શોભા હશે! કાંઈક સાચું હશે!'—તો કહે છે કે ના; એમાં અંશમાત્ર શોભા નથી, સત્ય નથી. એવા મિથ્યામાર્ગમાં લાખો જીવો હોય તોપણ તેઓ શોભતા નથી, કેમકે આનંદથી ભરેલા

**તારાવલી સહ જે રીતે પૂર્ણેન્દુ શોભે આભમાં,**
**ગુણવૃંદમણિમાળા સહિત મુનિચંદ્ર જિનમતગગનમાં. ૧૬૦. —શ્રી ભાવપ્રાભૃત**

અમૃતમાર્ગની તેઓને ખબર નથી, તેઓ મિથ્યાત્વના ઝેરથી ભરેલા માર્ગમાં જઈ રહ્યા છે. જગતમાં કોઈ કુપંથને લાખો માણસો માને તેથી ધર્મીને શંકા ન પડે કે તેમાં કાંઈક શોભા હશે! ને સત્પંથનાં બહુ થોડા જીવો હોય, પોતે એકલો હોય તોપણ ધર્મીને સંદેહ ન પડે કે સત્ય માર્ગ આ હશે કે બીજો હશે!–તે તો નિઃશંકપણે પરમ પ્રીતિપૂર્વક સર્વજ્ઞના કહેલા પવિત્ર માર્ગને સાધે છે. આ રીતે સત્પંથમાં એટલે કે મોક્ષમાર્ગમાં સમ્યગ્દષ્ટિ એકલો પણ શોભે છે. જગતની પ્રતિકૂળતાનો ઘેરો એને સમ્યક્ત્વથી ડગાવી નથી શકતો. મોક્ષમાર્ગને અહીં આનંદથી ભરેલો અમૃતમાર્ગ (आनन्दभरप्रदा अमृतपथ) કહ્યો છે, તેનાથી ભ્રષ્ટ મિથ્યામાર્ગમાં સ્થિત લાખો–કરોડો જીવો પણ શોભતા નથી; ને આનંદભર અમૃતમાર્ગમાં એક-બે-ત્રણ સમ્યગ્દષ્ટિ હોય તોપણ જગતમાં તે શોભે છે. માટે આવા સમ્યક્ત્વને નિશ્ચલપણે ધારણ કરવું. મુનિધર્મ હો કે શ્રાવકધર્મ હો, તેમાં સમ્યગ્દર્શન સૌથી પહેલું છે. સમ્યગ્દર્શન વગર શ્રાવક કે મુનિધર્મ હોય નહિ. માટે હે જીવ! તારે ધર્મ કરવો હોય ને ધર્મી થવું હોય તો પહેલાં તું આવા સમ્યગ્દર્શનની આરાધના કર; સમ્યગ્દર્શનથી જ ધર્મીપણું થશે.

સત્‌નું માપ સંખ્યા ઉપરથી નથી, ને સત્‌ને દુનિયાની પ્રશંસાની જરૂર નથી. દુનિયામાં ઝાઝા જીવો માને ને ઝાઝા જીવો આદર આપે તો જ સત્‌ને સત્ કહેવાય—એમ નથી, થોડા માનનાર હોય તોપણ સત્ શોભે છે; સત્ એકલું પોતાથી શોભે છે.

અહા, સર્વજ્ઞદેવે કહેલો આત્મા જેની પ્રતીતમાં આવી ગયો છે, અનુભવમાં આવી ગયો છે એવો સમ્યગ્દષ્ટિ જીવ પુણ્યની મંદતાથી કદાચ ધનહીન–પુત્રહીન હોય, શરીર કાળું–કૂબડું હોય, રોગી હોય, સ્ત્રી કે તિર્યંચ હોય, ચંડાળ વગેરે હલકા કુળમાં જન્મ્યો હોય, લોકોમાં અનાદર થતો હોય, બહારમાં અસાતાના ઉદયથી દુઃખી હોય–આમ ગમે તેટલી પ્રતિકૂળતા વચ્ચે ઊભો હોય છતાં, સમ્યગ્દર્શનના પ્રતાપે તે પોતાના ચિદાનંદસ્વરૂપમાં સંતુષ્ટપણે મોક્ષને સાધી રહ્યો છે તેથી તે જગતમાં પ્રશંસનીય છે, ગણધરાદિ સંતો તેના સમ્યક્ત્વની પ્રશંસા કરે છે; એનો આનંદકંદ આત્મા કાંઈ નિર્ધન નથી, એનો આત્મા રોગી નથી, એનો આત્મા કાળો-કૂબડો કે ચંડાળ નથી, એનો આત્મા સ્ત્રી નથી, એ તો ચિદાનંદસ્વરૂપપણે જ પોતાને અનુભવે છે, અંદરમાં અનંત ગુણની નિર્મળતાનાં નિધાન એની પાસે છે. (ક્રમશઃ)

*

ચક્રેશ-કેશવ-રામ-જિન-ગણી-સુરવરાદિક-સૌખ્યને,
ચારણમુનીંદ્રસુઋદ્ધિને, સુવિશુદ્ધભાવ નરો લહે. ૧૬૧. —શ્રી ભાવપ્રાભૃત

# પરમાગમ શ્રી નિયમસારનો સાર

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. 'નિયમ' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. 'નિયમસાર' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમ પારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયાં છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે. શાસ્ત્રકાર આચાર્યભગવાને અને ટીકાકાર મુનિવરે આ પરમાગમના પાને પાને જે અનુભવસિદ્ધ પરમ સત્ય પોકાર્યું છે તેનો સાર આ પ્રમાણે છે : હે જગતના જીવો! તમારા સુખનો એકમાત્ર ઉપાય પરમાત્મતત્ત્વનો આશ્રય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ સુધીની સર્વ ભૂમિકાઓ તેમાં સમાય છે. પરમાત્મતત્ત્વનો જઘન્ય આશ્રય તે સમ્યગ્દર્શન છે; તે આશ્રય મધ્યમ કોટિની ઉગ્રતા ધારણ કરતાં જીવને દેશચારિત્ર, સકલચારિત્ર વગેરે દશાઓ પ્રગટ થાય છે અને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન અને સિદ્ધત્વ પામી જીવ સર્વથા કૃતાર્થ થાય છે. આ રીતે પરમાત્મતત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સમ્યક્ ચારિત્ર છે; તે જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ-શુકલધ્યાન વગેરે બધુંય છે. એવો એક પણ મોક્ષના કારણરૂપ ભાવ નથી જે પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય હોય. પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય એવા ભાવોને—વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન વગેરે શુભ વિકલ્પરૂપ ભાવોને—મોક્ષમાર્ગ કહેવામાં આવે છે તે તો કેવળ ઉપચારથી કહેવામાં આવે છે. પરમાત્મતત્ત્વના મધ્યમ કોટિના અપરિપકવ આશ્રય વખતે તે અપરિપકવતાને લીધે સાથે સાથે જે અશુદ્ધિરૂપ અંશ વિદ્યમાન હોય છે તે અશુદ્ધિરૂપ અંશ જ વ્યવહારપ્રતિક્રમણાદિ અનેક અનેક શુભ વિકલ્પાત્મક ભાવોરૂપે દેખાવ દે છે. તે અશુદ્ધિ-અંશ ખરેખર મોક્ષમાર્ગ

**ભગવંત સિદ્ધો—ત્રિજગપૂજિત, નિત્ય, શુદ્ધ, નિરંજના**
**—વર ભાવશુદ્ધિ દો મને દગ, જ્ઞાન ને ચારિત્રમાં. ૧૬૩. —શ્રી ભાવપ્રાભૃત**

કેમ હોઈ શકે? તે તો ખરેખર મોક્ષમાર્ગથી વિરુદ્ધ ભાવ જ છે, બંધ ભાવ જ છે—એમ તમે સમજો. વળી, દ્રવ્યલિંગી મુનિને જે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરે શુભ ભાવો હોય છે તે ભાવો તો દરેક જીવ અનંત વાર કરી ચૂક્યો છે પરંતુ તે ભાવો તેને કેવળ પરિભ્રમણનું જ કારણ થયા છે કારણ કે પરમાત્મતત્ત્વના આશ્રય વિના આત્માનું સ્વભાવપરિણમન અંશે પણ નહિ થતું હોવાથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અંશમાત્ર પણ હોતી નથી. સર્વ જિનેંદ્રોના દિવ્ય ધ્વનિનો સંક્ષેપ અને અમારા સ્વસંવેદનનો સાર એ છે કે ભયંકર સંસારરોગનું એકમાત્ર ઔષધ પરમાત્મતત્ત્વનો આશ્રય જ છે. જ્યાં સુધી જીવની દૃષ્ટિ ધ્રુવ અચળ પરમાત્મતત્ત્વ ઉપર ન પડતાં ક્ષણિક ભાવો ઉપર રહે છે ત્યાં સુધી અનંત ઉપાયે પણ તેના કૃતક ઔપાધિક ઉછાળા—શુભાશુભ વિકલ્પો—શમતા નથી, પરંતુ જ્યાં તે દૃષ્ટિને પરમાત્મતત્ત્વરૂપ ધ્રુવ આલંબન હાથ લાગે છે ત્યાં તે જ ક્ષણે તે જીવ (દૃષ્ટિ-અપેક્ષાએ) કૃતકૃત્યતા અનુભવે છે, (દૃષ્ટિ-અપેક્ષાએ) વિધિ-નિષેધ વિલય પામે છે, અપૂર્વ સમરસભાવનું વેદન થાય છે, નિજ સ્વભાવભાવરૂપ પરિણમનનો પ્રારંભ થાય છે અને કૃતક ઔપાધિક ઉછાળા ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે. આ નિરંજન નિજ પરમાત્મતત્ત્વના આશ્રયરૂપ માર્ગે જ સર્વ મુમુક્ષુઓ ભૂત કાળે પંચમ ગતિને પામ્યા છે, વર્તમાન કાળે પામે છે અને ભાવી કાળે પામશે. આ પરમાત્મતત્ત્વ સર્વ તત્ત્વોમાં એક સાર છે, ત્રિકાળ- નિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ છે, સ્વભાવ-અનંતચતુષ્ટયથી સનાથ છે, સુખસાગરનું પૂર છે, ક્લેશોદધિનો કિનારો છે, ચારિત્રનું મૂળ છે, મુક્તિનું કારણ છે. સર્વ ભૂમિકાના સાધકોને તે જ એક ઉપાદેય છે. હે ભવ્ય જીવો! આ પરમાત્મતત્ત્વનો આશ્રય કરી તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. એટલું ન કરી શકો તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. એ દશા પણ અભૂતપૂર્વ અને અલૌકિક છે.


આમ આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે મુખ્યત્વે પરમાત્મતત્ત્વ અને તેના આશ્રયથી પ્રગટતા પર્યાયોનું વર્ણન હોવા છતાં, સાથે સાથે દ્રવ્યગુણપર્યાય, છ દ્રવ્યો, પાંચ ભાવો, વ્યવહાર-નિશ્ચયનયો, વ્યવહારચારિત્ર, સમ્યગ્દર્શનપ્રાપ્તિમાં પ્રથમ તો અન્ય સમ્યગ્દૃષ્ટિ જીવની દેશના જ નિમિત્ત હોય (–મિથ્યાદૃષ્ટિ જીવની દેશના નહિ) એવો અબાધિત નિયમ, પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ, કેવળજ્ઞાન-કેવળદર્શન, કેવળીનું ઈચ્છારહિતપણું વગેરે અનેક વિષયોનું સંક્ષિપ્ત નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. આ રીતે ઉપરોક્ત પ્રયોજનભૂત વિષયોને પ્રકાશતું આ શાસ્ત્ર વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ કરવા ઈચ્છનાર જીવને મહા ઉપકારી છે. અંતઃતત્ત્વરૂપ અમૃતસાગર પર મીટ માંડી જ્ઞાનાનંદના તરંગો ઉછાળતા

**થઈ અંતરાત્મારૂઢ, બહિરાત્મા તજીને ત્રણવિધે,**
**ધ્યાતવ્ય છે પરમાતમા—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૭. —શ્રી મોક્ષપ્રાભૃત**

મહા મસ્ત મુનિવરોના અંતરવેદનમાંથી નીકળેલા ભાવોથી ભરેલું આ પરમાગમ નંદનવન સમાન આહ્લાદકારી છે. મુનિવરોના હૃદયકમળમાં વિરાજમાન અંતઃતત્ત્વરૂપ અમૃતસાગર પરથી અને શુદ્ધપર્યાયોરૂપ અમૃતઝરણાં પરથી વહેતો શ્રુતરૂપ શીતળ સમીર જાણે કે અમૃતશીકરોથી મુમુક્ષુઓનાં ચિત્તને પરમ શીતળીભૂત કરે છે. આવું શાંતરસમય પરમ આધ્યાત્મિક શાસ્ત્ર આજે પણ વિદ્યમાન છે અને પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા તેનાં અગાધ આધ્યાત્મિક ઊંડાણ પ્રગટ થતાં જાય છે તે આપણું મહા સદ્‌ભાગ્ય છે. પરમ પૂજ્ય ગુરુદેવને શ્રી નિયમસાર ઉપર અપાર ભક્તિ છે. તેઓશ્રી કહે છેઃ 'પરમ પારિણામિક ભાવને પ્રકાશનાર શ્રી નિયમસાર પરમાગમ અને તેની ટીકાની રચના છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા મહા સમર્થ મુનિવરો વડે દ્રવ્ય સાથે પર્યાયની એકતા સાધતાં સાધતાં થઈ ગઈ છે. જેવાં શાસ્ત્ર અને ટીકા રચાયાં છે તેવું જ સ્વસંવેદન પોતે કરી રહ્યા હતા. પરમ પારિણામિક ભાવના અંતર-અનુભવને જ તેમણે શાસ્ત્રમાં ઉતાર્યો છે;–એકેક અક્ષર શાશ્વત, ટંકોત્કીર્ણ, પરમ સત્ય, નિરપેક્ષ કારણશુદ્ધપર્યાય, સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન વગેરે વિષયોનું નિરૂપણ કરીને તો મુનિવરોએ અધ્યાત્મની અનુભવગમ્ય અત્યંત અત્યંત સૂક્ષ્મ અને ગહન વાતને આ શાસ્ત્રમાં ખુલ્લી કરી છે. સર્વોત્કૃષ્ટ પરમાગમ શ્રી સમયસારમાં પણ તે વિષયોનું આવું ખુલ્લી રીતે નિરૂપણ નથી. અહો! જેમ કોઈ પરાક્રમી કહેવાતો પુરુષ જંગલમાંથી સિંહણનું દૂધ દોહી આવે તેમ આત્મપરાક્રમી મહા મુનિવરોએ જંગલમાં બેઠાં બેઠાં અંતરનાં અમૃત દોહ્યાં છે. સર્વસંગપરિત્યાગી નિર્ગ્રંથોએ જંગલમાં રહ્યાં રહ્યાં સિદ્ધભગવંતો સાથે વાતો કરી છે અને અનંત સિદ્ધભગવંતો કઈ રીતે સિદ્ધિ પામ્યા તેનો ઇતિહાસ આમાં મૂકી દીધો છે.'

અહાહા! આખી દુનિયા ભુલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે! ત્રણ લોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે! રાગને તું ભૂલી જા! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે, પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયનાં મૂલ્ય શાં? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી? અહાહા! એક વાર તો મડદાં ઊભાં થઈ જાય એવી વાત છે, એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. *ગુરુદેવશ્રીના વચનામૃત, બોલ નં. ૯૯.*

**પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;**
**—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬. —શ્રી મોક્ષપ્રાભૃત**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત—૭

જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. ૭.

**'જગતમાં; જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે.'**

આત્મા તરફ વળવાનો પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ. પર તરફ જે પુરુષાર્થ વળેલો છે તે તો અનાદિથી છે. હવે પુરુષાર્થની ગતિ, રાગથી ભેદજ્ઞાન કરવા માટે, પર્યાયે પર્યાયે સ્વભાવસન્મુખ વાળવાની છે. રાગથી ભેદજ્ઞાન થયા પછી પણ પર્યાયે પર્યાયે સ્વસન્મુખતાનો પુરુષાર્થ ચાલુ જ હોય છે. રુચિ અનુયાયી વીર્ય. અંદર સ્વભાવની રુચિ થતાં વીર્ય સદા અંતર્મુખ વળ્યા જ કરે છે.

**'પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.'**

અહા! અંદરમાંથી વીર્ય ઊછળ્યા વિના—વીર્યગુણ વિના—એક પણ પર્યાય પ્રગટતી નથી.

**'એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે.'**

સ્વરૂપની—શુદ્ધચૈતન્ય, આનંદઘન ને જ્ઞાનપિંડ એવા નિજ આત્માની—રુચિથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. અંતરનું વલણ તેનું નામ પુરુષાર્થ. સ્વભાવની રુચિથી માંડીને પૂર્ણતા સુધીમાં પુરુષાર્થ જ જોઈએ છે.

પુરુષાર્થ જોઈએ છે એટલે શું? આત્મા રાગાદિ વિભાવનો પરમાર્થે અકર્તા છે, અને સ્વભાવથી એ જ્ઞાતા છે. એ જ્ઞાયકસ્વભાવના રુચિ વગેરે અંતર વલણને નાસ્તિથી વિભાવના અકર્તાપણાનો ને અસ્તિથી જ્ઞાતાપણાનો પુરુષાર્થ કહેવાય છે. અહા! અંદર

> જિનદેવમત-અનુસાર ધ્યાવે યોગી નિજશુદ્ધાત્મને,
> જેથી લહે નિર્વાણ, તો શું નવ લહે સુરલોકને? ૨૦. —શ્રી મોક્ષપ્રાભૃત

જાણનાર.... જાણનાર....જાણનાર તરીકે જાગ્યો, તે જાણનાર જાણનારપણે જ પુરુષાર્થ કરે છે. ચાહે તો ઉદય હોય એને જાણે, નિર્જરા થાય તેને જાણે, બંધ થાય તેને જાણે અને મોક્ષ થાય તેને પણ જાણે—માત્ર જ્ઞાતાપણે રહે. એનો જ્ઞાતાપણાનો પુરુષાર્થ અંદર જ્ઞાતામાં વળ્યા જ કરે છે. બધી શુદ્ધિઓ માટે પર્યાયે પર્યાયે અંદરમાં પુરુષાર્થ જ કામ કરે છે.

## વચનામૃત–૮

**અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે, શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે. ૮.**

આ આઠમા બોલમાં બેને જરા અહીંનું (–ગુરુદેવનું) નાખ્યું છે કે, અત્યારે (ગુરુદેવની) આ વાણી નીકળે છે તેને સમજવા માટે ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. સાંભળવા માટે અને સમજવા માટે હજારો માણસો તૈયાર થઈ ગયા છે. બેન કહે છે કે અહીં (ગુરુદેવને) વાણીનો યોગ પ્રબળ છે. વાણીનો યોગ તો, ભગવાનની ૐકાર વાણી—દિવ્ય ધ્વનિ—સાંભળીને આવ્યા છીએ તેને લઈને છે. તેથી શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય—એ તો બેનના પોતાના વિનયની વાત છે. અહીંથી (ગુરુદેવથી) મુક્તિનો માર્ગ પ્રકાશિત ને સ્પષ્ટ થયો છે. અહીં (ગુરુદેવને) શ્રુતની લબ્ધિ છે, શ્રુતના ઉઘાડનો કાળ છે;—એમ કહી બેન પોતે પોતાનો વિનય જાહેર કરે છે.

*

## શ્રુતની શૈલી ગજબ

ગુરુદેવની શ્રુતની શૈલી ગજબ છે, તેમાં નિશ્ચય-વ્યવહાર, અસ્તિ-નાસ્તિ, ઉપાદાન-નિમિત્ત બધું જ તેઓએ સમજાવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ. દિગંબર ધર્મથી જ મોક્ષ છે. બધો ખુલાસો કર્યો. મુક્તિનો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કર્યો, શ્રીમદ્ રાજચંદ્રજીના કેટલાક અર્થો પૂજ્ય ગુરુદેવે ખુલ્લા કરી સમજાવ્યા. તીર્થંકર ભગવાનની જેમ માર્ગ પ્રકાશ્યો.....શ્રુતની ધારા જુદી જ.... **–પૂજ્ય બેનશ્રી**

**તપથી લહે સુરલોક સૌ, પણ ધ્યાનયોગે જે લહે**
**તે આતમા પરલોકમાં પામે સુશાશ્વત સૌખ્યને. ૨૩. —શ્રી મોક્ષપ્રાભૃત**



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

બપોરના પ્રવચન પછી પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં આ જિનમંદિર મધ્યે દરરોજ પોણો કલાક ભક્તિ થતી. પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ જિનેન્દ્ર ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય, જેથી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભક્તિભાવ ઉલ્લસતો. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું.

ત્યાર પછી એક વર્ષે શ્રી સમવસરણ-મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ જિનપ્રતિમા બિરાજે છે. સમવસરણની આખી રચના અતિ આકર્ષક ને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્‌ ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં અતિ સૌમ્ય મુદ્રાવંત નિર્ગ્રંથ પ્રતિમા છે. પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૯૮ના વૈશાખ વદ છઠના દિવસે થઈ હતી. શ્રી સમવસરણનાં દર્શન કરતાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રના તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર પરમાત્માના સમવસરણમાં પધારેલા તે, પૂજ્ય ગુરુદેવે ગતભવમાં નજરે દીઠેલો ભવ્ય પ્રસંગ તેમના સ્મૃતિચક્ષુ સમક્ષ ખડો થયો અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર



ભાવો હૃદયમાં સ્ફુરતાં તેમનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડ્યું. સમવસરણ ભક્તિ પ્રસંગે ‘રે! રે! સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં’ એ પંક્તિ આવતાં,

> સંસાર-અર્ણવ રુદ્રથી નિઃસરણ ઇચ્છે જીવ જે,
> ધ્યાવે કરમ-ઇન્ધન તણા દહનાર નિજ શુદ્ધાત્મને. ૨૬. —શ્રી મોક્ષપ્રાભૃત

ભગવાનના વિરહવેદનથી પૂજ્ય ગુરુદેવનું ભક્તહૃદય અત્યંત દ્રવી ગયું હતું અને નેત્રોમાંથી અશ્રુની ધારા વહી ગઈ હતી; તે વિરહવ્યથાનું ભક્તિભીનું દૃશ્ય હજુ પણ મુમુક્ષુઓની નજર સમક્ષ તરવરે છે. શ્રી સમવસરણ-મંદિર થતાં મુમુક્ષુઓને સમવસરણવિરાજમાન જિનેન્દ્ર-ભગવાનનાં પાવન દર્શનની સાથે સીમંધર-કુંદકુંદમિલનનો મધુર પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું.

વિ.સં. ૧૯૯૮ના અષાડ વદ એકમના રોજ—શ્રી મહાવીર ભગવાનના દિવ્ય ધ્વનિ છૂટવાના પાવન દિવસે, વીરશાસનજયંતીના મંગલ દિને—સોનગઢમાં પૂજ્ય ગુરુદેવે પરમાગમ શ્રી પ્રવચનસાર પર પ્રવચનો આપવાનું શરૂ કર્યું હતું. તેમાં જ્ઞેય-અધિકાર વાંચતાં અનેક વર્ષોમાં ભક્તોએ જોયેલ તેનાથી પણ અધિક, કોઈ અચિંત્ય, અદ્ભુત ને અપૂર્વ એવો શ્રુતનો ધોધ પૂજ્ય ગુરુદેવના અંતર આત્મામાંથી—તેમના નિર્મળ ભાવશ્રુતજ્ઞાનના પર્યાયમાંથી—વહેવા લાગ્યો. દ્રવ્યાનુયોગના અશ્રુતપૂર્વ અદ્ભુત ન્યાયોથી ભરેલો તે આશ્ચર્યકારી ધોધ જેણે જાણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને તેનો અંદરમાં મહિમા હશે. બાકી તેનું વર્ણન શું કરી શકાય? તે શ્રુતામૃતનું પાન કરતાં એમ થતું હતું કે આ તે કોઈ સાતિશય આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય સંપ્રાપ્ત થયું!

વિ.સં. ૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમના રોજ—દશલક્ષણ પર્યુષણપર્વના પ્રારંભના દિને—સોનગઢમાં કુમાર જૈન યુવકો માટે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવવાના હેતુએ, બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યો હતો. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં જોડાનાર બ્રહ્મચારી ભાઈઓ દરરોજ ત્રણેક કલાક નિયત કરેલાં ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરતા, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય તથા પરસ્પર ગોષ્ઠિ દ્વારા દૃઢ કરતા અને પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો, તત્ત્વચર્ચા, જિનેન્દ્રભક્તિ વગેરેમાં ભાગ લેતા હતા; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યતીત થતો હતો.

જ્ઞાનધ્યાનરત ગુરુદેવને અંદર ભાવશ્રુતની લબ્ધિ નવા નવા ન્યાયોથી જેમ દિવસે દિવસે ખીલતી જતી હતી તેમ તેમનો પુનિત પ્રભાવનાઉદય પણ પ્રબળપણે વૃદ્ધિગત થતો જતો હતો. વિ.સં. ૧૯૯૯ના ફાગણ સુદ પાંચમના રોજ ઝાલાવાડમાં થઈને ચાતુર્માસ અર્થે રાજકોટ જવા માટે ફરીને વિહાર થયો. પૂજ્ય ગુરુદેવ, અમૃત વરસતા

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં. ૩૧. —શ્રી મોક્ષપ્રાભૃત

મહામેઘની જેમ, રસ્તામાં આવતા દરેક ગામમાં અધ્યાત્મ-અમૃતનો ધોધ વરસાવતા અને અનેક હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવતા હતા. જૈનેતરો પણ પૂજ્ય ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળીને દિંગ થઈ જતા. જૈનદર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાકાંડ જ નથી પણ તેમાં તર્કશુદ્ધ સૂક્ષ્મ અધ્યાત્મવિજ્ઞાન ભરપૂર ભરેલું છે. એમ સમજાવતાં તેમને જૈનદર્શન પ્રત્યે બહુમાન પ્રગટતું. પૂજ્ય ગુરુદેવે ફેલાવેલાં આત્મવિચારનાં પ્રબળ આંદોલનોથી પ્રભાવિત થઈ કેટલાક જૈનેતરો તો વીતરાગ દિગંબર જૈનધર્મના શ્રદ્ધાળુ થયા હતા. ખરેખર ગુરુદેવે આત્મસાધનાનો અધ્યાત્મપંથ દર્શાવીને ભારતમાં તેમ જ વિદેશમાં હજારો જીવોને જાગૃત કર્યા છે. સૌરાષ્ટ્રમાં તો દિગંબર જૈનધર્મનું નવસર્જન તેમણે જ કર્યું છે. પૂજ્ય ગુરુદેવે અંતરથી શોધેલો સ્વાનુભવપ્રધાન અધ્યાત્મમાર્ગ—દિગંબર જૈનધર્મ જેમ જેમ પ્રસિદ્ધ થતો ગયો તેમ તેમ વધુ ને વધુ જિજ્ઞાસુઓ આકર્ષાયા, ગામોગામ મુમુક્ષુમંડળ સ્થપાયાં. સંપ્રદાયત્યાગથી જાગેલો વિરોધવંટોળ શમી ગયો. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનાઉદય દિનપ્રતિદિન વધુ ને વધુ ખીલતો ગયો.

માત્ર મોટી ઉંમરના ગૃહસ્થો જ નહિ પરંતુ નાની ઉંમરના બાળકો પણ પૂજ્ય ગુરુદેવના તત્ત્વજ્ઞાનમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. ગુરુદેવના ભક્તો હજારોની સંખ્યામાં વધવા લાગ્યા. વિ.સં. ૧૯૯૭થી દર વર્ષે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા માટે ગ્રીષ્મવર્ગ ખોલવામાં આવતો, વિદ્યાર્થીઓ તેમાં ઉત્સાહથી ભાગ લેતા, લેખિત પરીક્ષાઓ લેવાતી ને ઈનામો અપાતાં. વિ.સં. ૨૦૦૩ થી શ્રાવણમાસમાં પ્રૌઢ ગૃહસ્થો માટે પણ શિક્ષણવર્ગ ચાલે છે.

પૂજ્ય ગુરુદેવના ભક્તો દેશવિદેશમાં ઠેરઠેર વસેલા છે. તેમને ગુરુદેવના અધ્યાત્મ-ઉપદેશનો નિયમિત લાભ મળે તે માટે વિ.સં. ૨૦૦૦ના માગશર માસથી ‘આત્મધર્મ’ માસિકપત્રનું પ્રકાશન શરૂ થયું. વચ્ચે થોડાં વર્ષો સુધી ‘સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ’ નામનું દૈનિક પ્રવચનપત્ર પ્રકાશિત થતું હતું. તે ઉપરાંત સમયસાર, પ્રવચનસાર વગેરે મૂળ શાસ્ત્રો તથા પ્રવચન ગ્રંથો ઈત્યાદિ અધ્યાત્મસાહિત્યનું વિપુલ પ્રમાણમાં—લાખોની સંખ્યામાં—પ્રકાશન થયું, હજારો પ્રવચનો ટેઈપ-રેકોર્ડ કરવામાં આવ્યાં, જેનાથી પૂજ્ય ગુરુદેવનો અધ્યાત્મ ઉપદેશ ઘરે ઘરે ગુંજતો થયો. (ક્રમશઃ)

નિર્મળ સ્ફટિક પરદ્રવ્યસંગે અન્યરૂપે થાય છે,
ત્યમ જીવ છે નીરાગ પણ અન્યાન્યરૂપે પરિણમે. ૫૧. —શ્રી મોક્ષપ્રાભૃત

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલા વર્ષ કાઢવા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ (-આજીવન) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે? જેટલું વીર્ય ઉલ્ટામાં રોક્યું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહીં. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી.

* શ્રોતા :—જે શાસ્ત્રોનાં જાણનાર છે, તેની તો મુક્તિ થશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે જીવ આત્મજ્ઞાનથી શૂન્ય છે, વીતરાગીજ્ઞાન રહિત છે, તે જીવને બાહ્ય પદાર્થોથી કાંઈ જ સિદ્ધિ થતી નથી. શાસ્ત્રજ્ઞાન પણ કાંઈ કામનું નથી. સ્વસંવેદનજ્ઞાનથી રહિત વ્રત-તપ આદિ જીવને શીઘ્ર દુઃખનું કારણ થાય છે. આનંદસહિતનું જ્ઞાન એ જ નિજ આત્મજ્ઞાન છે ને તે જ જ્ઞાન વર્તમાન સુખનું કારણ છે ને મોક્ષની સિદ્ધિનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન-વ્રત-તપ આદિના જે શુભ વિકલ્પો છે તે વિકલ્પો તે જ ક્ષણે દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે. સ્વસંવેદનજ્ઞાન છે તે વર્તમાન સુખરૂપ છે ને ભાવી સુખનું કારણ છે, તેથી સ્વસંવેદનજ્ઞાનનો જ મહિમા છે.

શ્રોતા :—શાસ્ત્ર દ્વારા આત્માનું જ્ઞાન થાય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાસ્ત્ર દ્વારા આત્માનું જ્ઞાન થતું નથી, વેદથી ને દિવ્યધ્વનિથી પણ આત્મા જણાતો નથી તેમ પરમાત્મપ્રકાશમાં કહ્યું છે ને! આત્મા પોતાથી જ પોતા દ્વારા જણાય છે ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. પ્રવચનસારમાં આવે છે કે આત્માના લક્ષે શાસ્ત્રાભ્યાસ કરજે, ત્યાં નિમિત્ત બતાવવું છે. અહીં તો કહે છે કે નિમિત્ત એવું શાસ્ત્રજ્ઞાન છે તે દુઃખનું કારણ છે ને નિજઆત્મજ્ઞાન છે તે એક જ સુખનું કારણ છે.

શ્રોતા :—શાસ્ત્ર ભણવાથી આત્માની સન્મુખતા તો કહેવાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મામાં જવાનો પ્રયત્ન કરતો હોય તો આત્માની સન્મુખતા કહેવાય. શાસ્ત્રના જાણપણામાં રોકાઈ રહે અને અંતર નિર્વિકલ્પમાં જવાનો પ્રયત્ન કરતો નથી તો તે આત્મસન્મુખ પણ કહેવાતો નથી.

**ધ્રુવસિદ્ધિ શ્રી તીર્થેશ જ્ઞાનચતુષ્કયુત તપને કરે,**
**એ જાણી નિશ્ચિત જ્ઞાનયુત જીવેય તપ કર્તવ્ય છે. ૬૦. —શ્રી મોક્ષપ્રાભૃત**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—'હું જ્ઞાયક છું' એ ટકતું નથી, તો તેના માટે શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયક પોતે પુરુષાર્થથી ટકે છે. જેમ છાશમાં માખણ ભેળસેળ હોય છે તેને મંથન કરતાં કરતાં છૂટું પડે છે, એમ અનાદિથી ભ્રાન્તિ એવી થઈ રહી છે કે જાણે હું વિભાવ સાથે ભેગો થઈ ગયો, પણ અનાદિથી તત્ત્વ તો છૂટું જ છે. છૂટું છે તે ભ્રાન્તિને લઈને ભેગું ભાસે છે. પોતે વારંવાર સ્વભાવ ગ્રહણ કરી, હું જુદો છું એવી દૃષ્ટિ કરે, પ્રતીતિ કરે તો પછી એ બાજુની લીનતાની પરિણતિ પ્રગટ થાય, એવો પુરુષાર્થ કરવો જોઈએ. તે ન થાય ત્યાં સુધી—માખણની જેમ છૂટું ન પડે ત્યાં સુધી—વારંવાર તેનો અભ્યાસ અને મંથન કર્યા જ કરે.

* શ્રોતા :—પૂજ્ય ગુરુદેવ કહેતાં કે સમ્યગ્દર્શનથી ધર્મની શરૂઆત થાય છે. તો જેને સમ્યગ્દર્શન થયું તે જ સાચો જૈન કહેવાય ? તે ન થાય ત્યાં સુધી શું કરવું?

પૂજ્ય બહેનશ્રી :—સમ્યગ્દર્શન થાય પછી જ સાચો જૈન કહેવાય. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી ભાવના કરે, વિચારો કરે કે હું જ્ઞાયક છું, આ રાગ મારું સ્વરૂપ નથી, શરીર હું નથી, વિભાવ મારો સ્વભાવ નથી એમ એનાથી ભેદજ્ઞાન કરે. જ્ઞાન–દર્શન–ચારિત્રના વિકલ્પ વચમાં આવે પણ એ બધો રાગ છે. એ રાગથી પણ જુદો હું ચૈતન્ય અખંડ દ્રવ્ય છું એમ પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ જુદું વિચારે. એ જ્ઞાયકની અંદર અનંતા ગુણ છે, તેની પર્યાયો પરિણમે છે. તેના વિચારો કરી જ્ઞાયકનો નિર્ણય કરે. જ્યાં સુધી સમ્યગ્દર્શન પ્રગટ ન થાય ત્યાં સુધી તેનો વિચાર– વાંચન–લગની–મહિમા કર્યા કરે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે.

* શ્રોતા :—બીજા વિકલ્પ કંઈ ન કરે, અને હું ચૈતન્ય છું એમ કરે તો ?

પૂજ્ય બહેનશ્રી :—બીજા કોઈ વિકલ્પ કરવા ન ઇચ્છે તોપણ તે આવ્યા વગર રહેતા જ નથી. હું ચૈતન્ય છું તે પણ શુભભાવનો એક વિકલ્પ છે. વિકલ્પ ન આવે એમ નહિ, વિકલ્પ પહેલાં છૂટતા નથી. પહેલાં વિકલ્પથી હું જુદો છું એવી શ્રદ્ધા-પ્રતીતિ થાય અર્થાત્ પહેલાં ભેદજ્ઞાન થાય પછી વિકલ્પ છૂટે છે. પ્રથમ વિભાવની કર્તાબુદ્ધિ છોડવાની છે કે કોઈ વિભાવનો હું કર્તા નથી, હું ચૈતન્ય જ્ઞાયક છું.

## બાળ વિભાગ

# વારિષેણ મુનિ

મગધ દેશમાં રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક, રાણી ચેલના તથા તેમનો પુત્ર વારિષેણ હતાં. તે ઉત્તમ શ્રાવક ચૌદશની રાત્રે ઉપવાસ કરીને સ્મશાનમાં કાયોત્સર્ગથી ઊભો રહ્યો, તે જ દિવસે બગીચામાં ગયેલી મગધસુંદરી વિલાસિનીએ શ્રીકીર્તિ શેઠાણીએ પહેરેલો દિવ્ય હાર જોયો. પછી તેને જોઈને 'આ અલંકાર વિના જીવીને શું કરવું છે?' એમ વિચારીને તે પથારીમાં પડી રહી. રાત્રે આવેલા, તેનામાં આસક્ત વિદ્યુત્ ચોરે તેને કહ્યું :

''પ્રિયે! આમ કેમ પડી રહી છે?''

તેણે કહ્યું : ''શ્રીકીર્તિ શેઠાણીનો હાર જો તું મને આપે તો હું જીવીશ અને તો જ તું મારો ભર્તા, નહિતર નહિ.''

એ સાંભળીને તેને આશ્વાસન આપી, તે અર્ધ રાત્રે જઈને પોતાના કૌશલ્યથી તે હાર ચોરીને બહાર નીકળ્યો. તેના (હારના) પ્રકાશથી 'આ ચોર છે' એમ જાણીને ગૃહરક્ષકો અને કોટવાળોએ તેને પકડવા ઘેર્યો. તે નાસી જવા અસમર્થ હોઈ વારિષેણકુમારની આગળ તે હાર મૂકીને અદ્રશ્ય થઈને રહ્યો. (સંતાઈ ગયો.)

કોટવાળોએ તેને (વારિષેણને) તેવો (ચોર) જોઈને શ્રેણિકને કહ્યું : ''દેવ! વારિષેણ ચોર છે.''

તે સાંભળીને તેણે (શ્રેણિકે) કહ્યું : ''તે મૂર્ખનું મસ્તક લાવો.''

ચંડાળે જે તલવાર શિર લેવા માટે ચલાવી તે તેના ગળામાં ફૂલમાળા બની ગઈ. તે ચમત્કાર સાંભળી શ્રેણિકે જઈને વારિષેણની ક્ષમા માગી. અભયદાન પ્રાપ્ત કરીને જ્યારે વિદ્યુત્ ચોરે રાજાને પોતાનું વૃત્તાન્ત કહ્યું ત્યારે રાજાએ વારિષેણને ઘેર લઈ જવા કર્યું, પણ તેણે કહ્યું :

''મારે તો હસ્તરૂપી પાત્રમાં જ ભોજન કરવું છે (અર્થાત્ મુનિ થવું છે.) પછી તે સૂરસેન મુનિ પાસે મુનિ થયો.

એક દિવસે તે મુનિએ રાજગૃહની નજીકમાં પલાશકૂટ ગામમાં ચર્યા માટે પ્રવેશ

> **ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;**
> **તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે. ૭૬. —શ્રી મોક્ષપ્રાભૃત**

કર્યો. ત્યાં શ્રેણિકનો જે અગ્નિભૂત મંત્રી હતો તેનો પુત્ર પુષ્પડાલ ચર્યા કરાવીને પોતાની સ્ત્રી સોમિલ્લાને કહીને તે માલિકનો પુત્ર તથા બાલસખા હોવાથી થોડે દૂર સુધી તેને સાથ આપવા તે વારિષેણ સાથે ગયો. મુનિ પોતે ફરીથી પધારે તે માટે ક્ષીર વૃક્ષો વગેરે બતાવતો, વારંવાર વંદના કરતો, હાથે પકડીને તેને લઈ જવામાં આવ્યા અને વિશિષ્ટ ધર્મનું શ્રવણ કરીને તે વૈરાગ્યને પ્રાપ્ત થયો. તેને તપ ગ્રહણ કરાવ્યા છતાં તે સોમિલ્લાને વિસરતો નહિ. આમ તે બંને બાર વર્ષ સુધી તીર્થયાત્રા કરીને, વર્ધમાન સ્વામીના સમવસરણમાં ગયા. ત્યાં વર્ધમાનસ્વામી અને પૃથ્વી સંબંધી દેવો દ્વારા ગવાયેલું ગીત પુષ્પડાલે સાંભળ્યું. તે આ પ્રમાણે :—

''मइलकुचेली दुम्मनी नहिं पविसियएण ।
कह जीवेसइ घणिय, घर उज्झंते हियएण ।।''

અર્થ :—જ્યારે પતિ પ્રવાસે જાય છે ત્યારે સ્ત્રી ખિન્ન ચિત્ત થઈને મેલી કુચૈલી (ગંદી) રહે છે, પરંતુ જ્યારે તે ઘર છોડી ચાલ્યો જાય છે ત્યારે તે શી રીતે જીવિત રહી શકે?

આ (ગીતને) પોતાને અને સોમિલ્લાને લાગુ પાડી ઉત્કંઠિત થઈ તે ચલિત થયો. તે જાણીને તેને સ્થિર કરવા માટે વારિષેણ તેને પોતાના નગરે લઈ ગયો. ચેલનાએ તે બંનેને જોઈને 'શું વારિષેણ ચારિત્રથી ચલિત થઈને આવે છે?' એમ વિચારી (તેની) પરીક્ષા કરવા માટે સરાગી અને વીતરાગી એવાં બે આસનો આપ્યાં. વીતરાગ આસન પર બેસી વારિષેણે કહ્યું :

''મારા જનાનાની સ્ત્રીઓને લાવો (બોલાવો).''

પછી ચેલના રાણી અલંકાર સહિત તેની બત્રીસ સ્ત્રીઓને લઈ આવી. વારિષેણે પુષ્પડાલને કહ્યું :

''મારી આ સ્ત્રીઓ અને રાજ્યને તું ગ્રહણ કર.''

તે સાંભળીને પુષ્પડાલ ઘણો શરમાયો અને પરમ વૈરાગ્યને પ્રાપ્ત થઈ પરમાર્થથી તપ કરવા (નિર્ગ્રંથ મુનિત્વ સાધવા) લાગ્યો.



આજેય વિમલત્રિરત્ન, નિજને ધ્યાઈ, ઇન્દ્રપણું લહે,
વા દેવ લૌકાંતિક બને, ત્યાંથી ચ્યવી સિદ્ધિ વરે. ૭૭. —શ્રી મોક્ષપ્રાભૃત

# તેરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૨૦૧૩ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત તેરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો મંગલ પ્રારંભ થયો. તેરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરના સૌજન્યનો લાભ શ્રી ઘાટકોપર દિગંબર જૈન ભગવતી મહિલા મંડળ—મુંબઈને મળ્યો હતો.

યોગાનુયોગ બાલસંસ્કાર શિબિરનો પ્રારંભ શ્રી કુંદકુંદાચાર્યદેવ આચાર્યપદવીના મંગલ દિને થયો હોઈ શિબિરાર્થીઓને રાત્રે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાવવામાં આવેલ બે લઘુ ફિલ્મો (૧) તે ગુરુ મેરે મન બસો (૨) શ્રી કુંદકુંદાચાર્યદેવ વિદેહ ગમન બતાવવામાં આવી હતી જે સૌને પસંદ પડી હતી.

તા. ૨૫-૧૨-૨૦૧૩ના રોજ બપોરે પરમાગમમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચન પછી તેરમી બાલ સંસ્કાર શિબિરનો ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં શિબિર સૌજન્યકર્તા મંડળ દ્વારા દેશ-વિદેશના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો.

બાળકો માટે સવારે દરરોજ સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો છઢાળા પર ચાલતાં હતાં. તદુપરાંત શિબિરમાં પંચસ્તરીય શિક્ષણવર્ગો દિવસમાં ત્રણ કલાક લેવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી રાજુભાઈ કામદાર, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી અતુલભાઈ કામદાર, શ્રી નિતિનભાઈ શેઠે અધ્યાપન કર્યું હતું. બહેનોમાં બ્ર. આશાબેન તથા બ્ર. કોકિલાબેને અને બાળકોમાં ભૂમિકાબેન શાહ-બોરીવલી તથા અમીબેન શાહ-ઘાટકોપર દ્વારા અધ્યાપન કરાવવામાં આવ્યું હતું.

આ શિબિરનો ૨૦૦ બાળકો તથા ૧૫૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરનો લાભ લેવા માટે સૌરાષ્ટ્ર તેમજ મુંબઈના પાર્લા, બોરીવલી મલાડ, ઘાટકોપર, દાદર, વસઈ, મુલુન્ડ તથા હૈદરાબાદ, શિવપુરી, ઇન્દૌર, ઉદયપુર, અમદાવાદ, રાજકોટ તથા વિદેશોથી પણ શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા રાત્રે ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી, નાટિકા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો દરરોજ રાખવામાં આવ્યા હતા. બધા કાર્યક્રમો દરેકને ઘણા જ પસંદ આવ્યા હતા. તા. ૩૦-૧૨-૨૦૧૩ સોમવારે પૂજ્ય ગુરુદેવશ્રી જન્મધામ ઉમરાળાની પાવન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, યાત્રાની, આવાસની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરમાં પધારેલા લંડન, નાઈરોબીના મહેમાનો તથા દેશવિદેશના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા મહેમાનો તથા બાળકોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા. ✽

**પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫ મી તથા પૂજ્ય બહેનશ્રી ૧૦૦મી જન્મજયંતી અંતર્ગત**

# SMS સ્પર્ધા–૨૦૧૪

**સૌજન્યકર્તા : શ્રી સરોજબેન બળવંતભાઈ ભાયાણી**
**હસ્તે ભાવેશ, કલ્પના, નમન તથા નમિત, બોરીવલી**

(૧) SMS સ્પર્ધા-૨૦૧૪માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૨૭૫ SMS સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૨-૨૦૧૪ થી ૨૦-૧૨-૨૦૧૪

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૧૪ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.
A વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૩૦૦૦/- દ્વિતીય ૨૦૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી મોટી ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
B વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઇનામ આપવામાં આવશે.
પ્રથમ ૩૦૦૦/- દ્વિતીય ૨૦૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

આ સિવાય ૨૭૫ SMS લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૧૪ સુધીમાં સોનગઢ મોકલનાર દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવશે. એ ઉપરાંત પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૨૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવશે.

(૪) તદ્‌ઉપરાંત જે સ્પર્ધકોએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

(૫) SMS સુવિધા શરૂ કરાવવા માટે આપે પોતાના મોબાઈલમાંથી SMS ગુજરાતી ભાષામાં (લીપી અંગ્રેજી) મેળવવા JOIN SDJSMTG અને હિંદી ભાષામાં(લીપી અંગ્રેજી) મેળવવા JOIN SDJSMTH લખી 9220092200 પર SMS કરવો.

SMS સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. 9327931999 પર ફોન કરવો અથવા jitendra@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

અહો ! નિર્ણયમાં કેટલી તાકાત છે ! વિકલ્પથી લાભ માને તે નિર્ણય સાચો નહીં. 'જ્ઞાનસ્વભાવ' જ ત્યારે નક્કી થાય છે કે વિકલ્પથી જુદો પડે ત્યારે; કેમકે જ્ઞાનસ્વભાવમાં વિકલ્પની તો નાસ્તિ છે ભાઈ ! આત્માના અનુભવની રમતું જુદી છે.—જેનો નિર્ણય કરતાં આખી દુનિયાનો રસ ઊડી જાય; આખી દુનિયા ફરે તોય એનો નિર્ણય ન ફરે.—કેમકે તે નિર્ણયમાં જ્ઞાનસ્વભાવનું જ અવલંબન છે, બીજા કોઈનું અવલંબન એમાં નથી. ભાઈ, એકવાર હૈયું સરખું રાખીને આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર.....તો તને અનુભવનો અવસર આવશે.

'જ્ઞાનસ્વભાવ છું' એમ નિર્ણય કરવા જાય ત્યાં રાગની—પુણ્યની કે સંયોગની હોંશ રહે નહિ, કેમકે તેનાથી જુદા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો છે; તે નિર્ણય કરવા માટે અંતરસ્વભાવ તરફ જ્ઞાન ઝુકે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ અંતર્ગત યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૧) તા. ૨૩-૮-૧૩ થી ૨૪-૮-૧૩ ના રોજ વઢવાણ નગરમાં દ્વીદિવસીય શિક્ષણ શિબિર

(૨) તા. ૧૫-૧૨-૧૩ ઘાટકોપર એક દિવસ

(૩) તા. ૧૯-૧-૧૪ ઘાટકોપર એક દિવસ

(૪) તા. ૨૪-૧૧-૧૩ વસઈ એક દિવસ

(૫) તા. ૮-૧૨-૧૩ વાંકાનેર એક દિવસ

(૬) તા. ૧૫-૧૨-૧૩ સુરેન્દ્રનગર સૂર્યકીર્તિધામ એક દિવસ

(૭) તા. ૧૨-૧-૧૪ રાજકોટ એક દિવસ

(૮) તા. ૧૮-૧-૧૪ થી ૧૯-૧-૧૪ બેંગલોર બે દિવસ

(૯) તા. ૨૧-૨૨-૨૩- જાન્યુઆરી-૨૦૧૪ ત્રણ દિવસ શિવપુરી (મ.પ્ર.)

(૧૦) તા. ૨૬-૧-૧૪ દાહોદ એક દિવસ

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલા અધ્યાપકોએ અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની વદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ✻ શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ ✻

:—સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૪મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૨૩-૨-૨૦૧૪, રવિવારથી તા. ૨-૩-૨૦૧૪, (ફાગણ સુદ ૨) રવિવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ✻

શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૦મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, સોમવાર, તા. ૩-૩-૨૦૧૪ થી ફાગણ સુદ ૭, શુક્રવાર તા. ૭-૩-૨૦૧૪ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✻

ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૮-૩-૨૦૧૪, શનિવારથી તા. ૧૬-૩-૨૦૧૪, રવિવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ ✻

ફાગણ સુદ ૧૩, શુકવાર, તા. ૧૪-૩-૨૦૧૪ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૧ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

# વૈરાગ્ય સમાચાર :–

ગુજરવદીનિવાસી શ્રી વિમળાબેન અંબાલાલ શાહ તા. ૨૫-૧૨-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (હાલ-મુંબઈ) સ્વ. વચ્છરાજ ગુલાબચંદ કામદારના પુત્રવધૂ સવિતાબેન લક્ષ્મીકાંત કામદાર (વર્ષ-૮૮) તા. ૨૭-૧૨-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢ ઘણો સમય રહીને તત્ત્વનો લાભ લેતા હતા.

રાંચીનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી હસમુખભાઈ અનુપચંદ ખારા (–તે બ્ર. કોકિલાબેનના ભાઈ) (વર્ષ-૬૪) તા. ૧-૧-૧૪ના રોજ ઓચિંતા રાત્રે હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સવારે સોનગઢ લાભ લેવા આવવાના હતા. તેઓ વારંવાર સોનગઢ આવીને તત્ત્વનો લાભ લેતા હતા.

નાયરોબીનિવાસી શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ(–તે શ્રી રાયચંદભાઈ શાહના ધર્મપત્ની) (ઉંમર વર્ષ ૮૦) તા. ૫-૧-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે. સોનગઢથી દૂર વિદેશમાં રહેતાં હોવા છતાં પણ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા બતાવેલ તત્ત્વજ્ઞાન પ્રત્યે રુચિ અને શ્રદ્ધા હતી. જ્યારે જ્યારે ભારતમાં આવે ત્યારે બીજે કોઈ અન્ય સ્થળે જવાના કે રોકાવાના બદલે મોટાભાગનો સમય સોનગઢમાં રહીને લાભ લેતા હતા. સોનગઢ ખૂબ વૃદ્ધિ પામે, ગુરુદેવશ્રીનો પ્રભાવ દેશ-વિદેશમાં ખૂબ પ્રસરે એવી એમને ઉત્કટ ભાવના રહેતી. ભગવાનની પ્રતિષ્ઠા આદિના ધાર્મિક પ્રસંગોમાં પણ તેઓશ્રીએ ઉત્સાહ અને તન-મન-ધનથી ભાગ લીધો હતો. શ્રી જંબૂદ્વીપ-બાહુબલી જિનાયતન નિર્માણના આયોજનની શરૂઆત શ્રી રાયચંદભાઈ અને રળિયાતબેને કરાવેલી; એ ક્યારે બને એની ઘણી ભાવના એમને રહેતી હતી. તેઓએ નાયરોબી પંચકલ્યાણક પ્રસંગે સૌધર્મ ઈન્દ્ર-ઈન્દ્રાણી બનવાનો લાભ લીધો હતો.

દિલ્હીનિવાસી (હાલ-સોનગઢ) શ્રી જયકુમારજી જૈન (વર્ષ-૮૭) તા. ૧૭-૧-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમનો પુત્ર (વર્ષ-૬૪) સવારે ઘરેથી ઓફિસે જતા બસમાં અચાનક હાર્ટફેઈલથી તા. ૧૧-૧-૧૪ના રોજ દિલ્હીમાં સ્વર્ગવાસ પામતાં, પુત્રની પ્રાર્થનાસભા માટે દિલ્હી જવા સોનગઢથી અમદાવાદ ટેક્સીમાં જતા તા. ૧૧-૧-૧૪ના રોજ રસ્તામાં ટેક્સી-એક્સીડન્ટમાં ગંભીર રીતે ઘવાયા બાદ અમદાવાદ હોસ્પિટલમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો. તેઓ ૬૦ વર્ષોથી સોનગઢ આવતા, છેલ્લા ૩૦ વર્ષોથી મોટો ભાગ સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઉલ્લાસથી લાભ લેતા હતા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર, રાજકોટના પ્રમુખ તેમજ પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલીના ટ્રસ્ટી શ્રી સુમનભાઈ રામજીભાઈ દોશી (વર્ષ-૮૭) તા. ૧૬-૧-૧૪ના રોજ ઓચિંતા હાર્ટફેઈલ થવાથી રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમના પિતા સ્વ. મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી (પ્રમુખશ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ) આજીવન સોનગઢ રહેવાના કારણે નાની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીની કરુણા પામ્યા હતા; નાની ઉંમરથી તત્ત્વનો લાભ લેતા રહેલા અને નિવૃત્તજીવનનો બધો સમય રાજકોટ તેમજ દેવલાલીમાં ધર્મસાધનામાં વ્યતીત કર્યો હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧૬૦) અશુભમાંથી સીધો .................... ભાવ ન થાય.

(૧૬૧) રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી .................... ની જરૂર છે.

(૧૬૨) વસ્તુદૃષ્ટિથી પર્યાય .................. છે.

(૧૬૩) .................... મુનિરાજે સાતસો મુનિઓનો ઉપદ્રવ દૂર કર્યો હતો.

(૧૬૪) અભેદ દૃષ્ટિમાં ....................... દેખાતો નથી.

(૧૬૫) આ જીવને ................ નયનો પક્ષ કદાપિ આવ્યો નથી.

(૧૬૬) એક જ વખતમાં જેને બધુ યાદ રહી જાય તે ........................... મુનિ હતા.

(૧૬૭) .................... સમજ્યા વગર આ જીવ દુઃખ પામ્યો છે.

(૧૬૮) એકમાં .................. ભૂલ હોય તો બધા ...................માં ભૂલ હોય છે.

(૧૬૯) સાધકને શુભભાવ ......................... જેવો લાગે છે.

(૧૭૦) પ્રવચનસારની ................. થી ................ ગાથાને પંચરત્ન ગાથા કહે છે.

(૧૭૧) ગણધરદેવ અંતરમુહૂર્તમાં .............. અંગ અને ........... પૂર્વની રચના કરે છે.

(૧૭૨) સાધક જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ................ સમય જ લાગે ............... સમય લાગે જ નહીં.

(૧૭૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ સર્વપ્રથમ શત્રુંજયની યાત્રા વિ.સં. ......................મા કરી હતી.

(૧૭૪) અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓ ઉપર ................... ગામમાં ઉપસર્ગ થયો હતો.

(૧૭૫) પૂજ્ય ગુરુદેવશ્રીને સમયસાર સર્વપ્રથમ વિ.સં. ....................માં પ્રાપ્ત થયું હતું.

(૧૭૬) પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્મેદશિખરની સર્વપ્રથમ યાત્રા ..................માં કરી હતી.

(૧૭૭) પ્રથમોશમ સમ્યક્ત્વ છે તે.................... થી માંડી ................. ગુણસ્થાન સુધી હોય છે.

(૧૭૮) વસ્તુનું પરિણામ .................... નિરપેક્ષ હોય છે.

(૧૭૯) ઉપાદાન વસ્તુની .................. શક્તિ છે અને નિમિત્ત તો કારણ છે.

(૧૮૦) શુદ્ધ નિશ્ચયનયથી જીવને .................. નથી તેમજ .................. પણ નથી.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી-૨૦૧૪ના ઉત્તર

(૧૪૧) અયોગી
(૧૪૨) એક કરોડ પૂર્વનું
(૧૪૩) ૪૬ – ૩૨
(૧૪૪) સમ્યગ્દર્શન
(૧૪૫) તેરમું
(૧૪૬) ૧૪૮
(૧૪૭) દ્રવ્યાનુયોગ
(૧૪૮) એકત્વ – વિભક્ત
(૧૪૯) મરણ
(૧૫૦) ૩૩
(૧૫૧) નિશ્ચય
(૧૫૨) ભરત
(૧૫૩) મિથ્યાત્વ
(૧૫૪) દેવ
(૧૫૫) સમ્યગ્દષ્ટિ
(૧૫૬) ચોથા
(૧૫૭) ૫૬
(૧૫૮) મોક્ષ
(૧૫૯) હેય

(૯)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧૬૧) એક પદાર્થનું બીજા પદાર્થમાં નહિ હોવાપણું તેને ..................... કહે છે.

(૧૬૨) દેવગતિના દેવની આયુસ્થિતિ ઓછામાં ઓછી ................. હજાર વર્ષની હોય છે.

(૧૬૩) ચક્રવર્તી .............અને ............. નિધિઓના સ્વામી હોય છે.

(૧૬૪) ચેલના રાણી પોતાના પુત્ર .................ને જન્મ થતા તુરત જ ઉકરડામાં મૂકી આવી હતી.

(૧૬૫) સીતાજીએ દીક્ષા લીધી તે સાંભળીને ..................... સેનાપતિને તુરત જ વૈરાગ્ય થયો હતો અને દીક્ષા લીધી હતી.

(૧૬૬) ................... શુદ્ધ સ્વરૂપી ...................હું આત્મસ્વરૂપ.

(૧૬૭) આદિનાથ ભગવાનના શરીરનો રંગ ...................... હતો.

(૧૬૮) દેશભૂષણ તથા કુલભૂષણ મુનિનો ઉપસર્ગ ............... તથા................ દૂર કર્યો હતો.

(૧૬૯) ગૌતમસ્વામીએ પોતાના .................. શિષ્યો સાથે દીક્ષા લીધી હતી.

(૧૭૦) પ્રમાદના ...................... ભેદ હોય છે.

(૧૭૧) જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને ......................... કહે છે.

(૧૭૨) શ્રીકૃષ્ણનું મૃત્યુ ................. દ્વારા થયું હતું.

(૧૭૩) દેવોનું .......................... મૃત્યુ થતું નથી.

(૧૭૪) ચક્રવર્તીને .................... મુકુટબદ્ધ રાજા પ્રણામ કરે છે.

(૧૭૫) વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ તેને ........................ કહે છે.

(૧૭૬) તીર્થંકર ભગવાન દીક્ષા લેતી વખતે .......................... કહીને દીક્ષા લે છે.

(૧૭૭) દ્રવ્યના નવીન પર્યાયની ઉત્પત્તિને ....................... કહે છે.

(૧૭૮) છ દ્રવ્યમાં અરૂપી અને અચેતન (૧).............. (૨).............. (૩)................. (૪)........................ દ્રવ્યો છે.

(૧૭૯) વસ્તુના અભાવસ્વરૂપ ધર્મને ................... ગુણ કહે છે.

(૧૮૦) ગિરનાર પર્વતથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી-૨૦૧૪ના ઉત્તર

(૧૪૧) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન
(૧૪૨) કાળ
(૧૪૩) સુબાહુ
(૧૪૪) અભાવ
(૧૪૫) ધાતકી વિદેહ
(૧૪૬) તાળાની –જ્ઞાયક
(૧૪૭) પિસ્તાલીસ લાખ
(૧૪૮) અનંતાનંત
(૧૪૯) લોકના
(૧૫૦) બાવીસ
(૧૫૧) પુષ્પ
(૧૫૨) અસંખ્ય
(૧૫૩) અસંખ્ય
(૧૫૪) નિગોદનાં
(૧૫૫) નિગોદનાં
(૧૫૬) ૬
(૧૫૭) લેશ્યા
(૧૫૮) સ્વર્ણભદ્ર
(૧૫૯) લોભ
(૧૬૦) માહ – ચૈત્ર – ભાદ્રપદ

**મંગલ-દર્શન સોસાયટી, સોનગઢના મુમુક્ષુઓ**

**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૨મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ''ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૨મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૨૬-૩-૨૦૧૪ બુધવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. ''સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૨૨-૩-૨૦૧૪ શનિવારથી તા. ૨૬-૩-૨૦૧૪ બુધવાર—પાંચદિવસ સુધી, શ્રી 'ચૌસઠઋદ્ધિ મંડળ પૂજન-વિધાન', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ મંગલ-દર્શન સોસાયટી, સોનગઢના મુમુક્ષુઓ દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૨૧-૨-૨૦૧૪ શુક્રવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક

**મંગલ દર્શન સોસાયટી, સોનગઢના**

**મુમુક્ષુઓના જય–જિનેન્દ્ર**

Posted at Songadh PO
Publish on 1-02-2014
Posted on 1-02-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આત્મ-શાંતિ

ભાઈ! તારો આત્મસ્વભાવ એવો છે કે એની સન્મુખ પરિણમતાં આનંદ સહિત નિર્મળ સમ્યક્ત્વાદિનો ઉત્પાદ થાય છે. જગતના કોલાહલથી શાંત થઈ, તારા સ્વભાવને લક્ષમાં લે. જગત શું કરે છે ને જગત શું બોલે છે—તેની સાથે તારા તત્ત્વને સંબંધ નથી. કેમ કે તારો ઉત્પાદ તારામાંથી આવે છે, બીજામાંથી નથી આવતો. સ્વભાવનું ભાન થયા છતાં કાંઈક રાગ-દ્વેષ થાય તો તે કાંઈ જ્ઞાનભાવનું કાર્ય નથી—એમ ધર્મીને ભિન્નતાનું ભાન છે. એટલે તે વખતે પોતાનો જ્ઞાનભાવ ચુકાતો નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org